Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

આજનો સુવિચાર
આપણને મનનો જ થાક અનુભવાય છે, બાકી માણસ ધારે તો ચંદ્ર સુધી જાય છે !!

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2023
Posting at RMS Ahmedabad

સોમવાર, તા.૨૯ મે, ૨૦૨૩
29/5/2023 * VOL : 43 * N0. 254 સંવત- ૨૦૭૮, જેઠ સુદ-૯

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel
RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) ફોન : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, જાહેરાત : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧

## નવુ સંસદ ભવન ભારતીયોની આકાંક્ષાઓ-સપનાઓનું પ્રતિબિંબ : વડાપ્રધાન






**નવી દિલ્હી,**
દેશને રવિવારે નવું સંસદ ભવન મળી ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન કર્યું હતું. વિધિ વિધાન સાથે પૂજા થયા બાદ લોકસભામાં સ્પીકરના આસન પાસે સેંગોલ પણ સ્થાપિત કરાયું. આ અવસરે પીએમ મોદીએ ભારતીય ટપાલ વિધાનની સ્મારક ટિકિટ બહાર પાડી અને ત્યારબાદ ભારતીય નાણા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલા ૭૫ રૂપિયાના સિક્કાને પણ રિલીઝ કર્યો. પીએમ મોદીએ નવા સંસદ ભવનમાં આજે સંબોધન પણ કર્યુ.

આ અવસરે પીએમ મોદીએ કહ્યું કે દરેક દેશની વિકાસ યાત્રામાં કેટલાક પળ એવા આવે છે જે હંમેશા માટે અમર થઈ જાય છે. કેટલીક તારીખો સમયના લલાટ પર ઈતિહાસના અમિટ હસ્તાક્ષર બની જાય છે. આજે ૨૮મી મે ૨૦૨૩નો આ દિવસ આવો જ શુભ અવસર છે. દેશ આઝાદીના ૭૫ વર્ષ થવા પર અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. આ અમૃત મહોત્સવમાં ભારતના લોકોએ પોતાના લોકતંત્રને સંસદના આ નવા ભવનની ભેટ આપી છે. આજે સવારે જ સંસદ પરિસરમાં સર્વપંથ પ્રાર્થના થઈ છે. હું તમામ દેશવાસીઓને ભારતીય લોકતંત્રના આ સ્વર્ણિમ ક્ષણની ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવું છું.

તેમણે કહ્યું કે આ નવું ભવન, આપણા સ્વતંત્રતા સેનાનીઓના સપનાઓને સાકાર કરવાનું માધ્યમ બનશે. આત્મનિર્ભર ભારતના સૂર્યોદયનું સાક્ષી બનશે. વિકસિત ભારતના સંકલ્પોની સિદ્ધિ થતા જોશે. આ નવું ભવન નૂતન અને પૂરાતનના સહ-અસ્તિત્વનું પણ આદર્શ ઉદાહરણ છે. તેમણે કહ્યું કે આજનું આ નવું ભારત નવા લક્ષ્યાંક નક્કી કરી રહ્યું છે, નવા રસ્તા બનાવી રહ્યું છે. નવો જોશ છે, નવી ઉમંગ છે, નવી સફર છે નવી સોચ છે. દિશા નવી છે, દ્રષ્ટિ નવી છે. સંકલ્પ નવો છે. વિશ્વાસ નવો છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારત એક લોકતાંત્રિક રાષ્ટ્ર જ નહીં પરંતુ લોકતંત્રની જનની પણ છે. મધર ઓફ ડેમોક્રેસી પણ છે. ભારત આજે વૈશ્વિક લોકતંત્રનો પણ ખુબ મોટો આધાર છે. લોકતંત્ર આપણા માટે ફક્ત એક વ્યવસ્થા નથી, એક સંસ્કાર છે, એક વિચાર છે, એક પરંપરા છે.

પીએમ મોદીએ કહ્યું કે આઝાદીનો આ અમૃતકાળ દેશને નવી દિશા આપનારો અમૃતકાળ છે. અનંત સપનાઓ, અસંખ્ય આકાંક્ષાઓને પૂરા કરવાનો અમૃતકાળ છે. ગુલામી બાદ આપણા ભારતે ઘણું બધુ ગુમાવીને પોતાની નવી યાત્રા શરૂ કરી હતી. તે યાત્રા કેટલા ઉતાર ચઢાવથી પસાર થઈ, કેટલા પડકારોને પાર કરી આઝાદીના અમૃતકાળમાં પ્રવેશી છે. આઝાદીનો આ અમૃતકાળ વારસાને સંભાળતા, વિકાસને નવા આયામ આપવાનો અમૃતકાળ છે. આજથી ૨૫ વર્ષ બાદ ભારત પોતાની આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા કરશે. આપણી પાસે પણ ૨૫ વર્ષનો અમૃતકાળ ખંડ છે. આ ૨૫ વર્ષમાં આપણે મળીને ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું છે.

પીએમ મોદીએ કહ્યું કે આજે આ ઐતિહાસિક અવસર પર થોડીવાર પહેલા સંસદની નવી ઈમારતમાં પવિત્ર સેંગોલની પણ સ્થાપના થઈ છે. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે પણ આ સંસદ ભવનમાં કાર્યવાહી શરૂ થશે સેંગોલ આપણને બધાને પ્રેરણા આપતું રહેશે. તેમણે કહ્યું કે મહાન ચોલ સામ્રાજ્યમાં સેંગોલને કર્તવ્યપથના સેવાપથના રાષ્ટ્રપથનું પ્રતિક માનવામાં આવતું હતું. તેમણે કહ્યું કે રાજાદી અને આદીનમના સંતોના માર્ગદર્શનમાં આ સેંગોલ સત્તાના હસ્તાંતરણનું પ્રતિક હતું. પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા એક બે દાયકાથી નવી સંસદની જરૂરિયાત મહેસૂસ થઈ રહી હતી. નવી સંસદ સમયની માંગણી હતી. આવનારા સમયમાં સાંસદોની સંખ્યા વધશે. મને ખુશી છે કે ભવ્ય ઈમારત આધુનિક સુવિધાઓથી લેસ છે. આ સંસદમાં વારસો પણ છે અને વાસ્તુ પણ. પીએમએ કહ્યું કે પંચાયત ભવનથી લઈને સંસદ ભવન સુધી આપણી નિષ્ઠા એક જ છે. દેશમાં ૩૦ હજારથી વધુ પંચાયત ભવન બનાવવામાં આવ્યા છે. ૯ વર્ષમાં ૫૦ હજારથી વધુ અમૃત સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું. તેમણે કહ્યું કે આ સંસદ ભવનને લગભગ ૬૦ હજાર શ્રમિકોને રોજગારી આપવાનું કામ કર્યુ છે. તેમણે આ ઈમારત માટે પોતાનો પરસેવો વહાવ્યો છે. તેમના શ્રમને સમર્પિત ડિજિટલ ગેલેરી બનાવવામાં આવી છે. સંસદના નિર્માણમાં તેમનું યોગદાન પણ અમર થઈ ગયું છે. રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશ નારાયણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનો સંદેશ વાંચ્યો. તેમણે કહ્યું કે એ વાતનો સંતોષ છે કે નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યું. સંસદનું નવું ભવન નીતિઓના માધ્યમથી હાસિયામાં પડેલા લોકો સહિત તમામ દેશવાસીઓની જરૂરિયાતોનું સક્રિયતાથી સમાધાન સુનિશ્ચિત કરશે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન કર્યું: પીએમ મોદીએ શ્રમજીવીઓને સન્માનિત કર્યા: આ નવું ભવન, આત્મનિર્ભર ભારતના સૂર્યોદયનું સાક્ષી બનશે :નરેન્દ્ર મોદી

## રાજદંડ સેંગોલને પીએમ નરેન્દ્ર મોદીના દંડવત પ્રણામ

**(એજન્સી)નવી દિલ્હી,**
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન કર્યુ. આ દરમિયાન પીએમ મોદી સાથે લોકસભા સ્પીકર ઓમ બિરલા પણ હાજર રહ્યા હતા. નવા સંસદ ભવનના ઉદ્ઘાટન પહેલા પીએમ મોદીએ લોકસભા સ્પીકર સાથે નવા સંસદ ભવનમાં મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી. કાર્યક્રમની શરૂઆતમાં અધીનમ (પૂજારીઓ)એ પીએમ મોદીને વૈદિક મંત્રોચ્ચાર સાથે સેંગોલ એટલે કે રાજદંડ આપ્યો.

ઉદ્ઘાટન સમારોહ દરમિયાન અધીનમ (પૂજારીઓ)એ પીએમ મોદીને વૈદિક મંત્રોચ્ચાર સાથે સેંગોલ એટલે કે રાજદંડ આપ્યો. રાજદંડ હાથમાં લેતા પહેલા પીએમ મોદીએ સેંગોલને દંડવત પ્રણામ કર્યા. ત્યારબાદ તેમણે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા સાથે નવા સંસદ ભવનમાં સેંગોલને સ્થાપિત કર્યો. સમારોહની શરૂઆત હવન પૂજા સાથે થઈ હતી. પીએમ મોદીએ આ ભવનનું નિર્માણ કરનારા શ્રમજીવીઓ સાથે મુલાકાત કરી. આ દરમિયાન તેમણે શ્રમજીવીઓને સન્માનિત કર્યા. સેંગોલને લોકસભા અધ્યક્ષના આસન પાસે સ્થાપિત કર્યા બાદ પીએમ મોદીએ અધીનમના આશીર્વાદ લીધા. શું તમે જાણો છોકે, આ સેંગોલ શું છે? તેની રચના કોણે કરી હતી? આ સેંગોલ શેનું પ્રતીક છે? શા માટે તેને નવા સંસદ ભવનમાં સ્થાન આપવામાં આવ્યું છે? આવા તમામ સવાલોના જવાબો આ આર્ટિકલમાં મળશે. વાસ્તવમાં સેંગોલ એ એક આઝાદીનું પ્રતીક છે. ભારતના ગૌરવ અને સન્માન સાથે તે જોડાયું છે. આ પ્રતીકને હવે નવા સંસદ ભવનમાં સ્થાન અપાયુંછે. ત્યારે આપણે પણ જાણીશું કે આખરે આ સેંગોલ શું છે? નવા સંસદ ભવનનાં ઉદ્ઘાટનમાં તેનો ઉપયોગ શા માટે કરવામાં આવ્યો છે? ૨૮ મેના રોજ નવી સંસદ ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

## વડાપ્રધાન મોદીએ રૂા.૭૫નો સિક્કો બહાર પાડ્યો

**(એજન્સી)નવી દિલ્હી,**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે નવી સંસદ રાષ્ટ્રને સમર્પિત કરી છે. આ ઐતિહાસિક અવસર પર પીએમ મોદીએ રૂપિયા ૭૫નો ખાસ સિક્કો બહાર પાડ્યો. એક ટપાલ ટિકિટ પણ લોન્ચ કરી. આ ખાસ સિક્કા અને ટપાલ ટિકિટનું વિમોચન નવા સંસદ ભવનની લોકસભા ચેમ્બરમાં કરવામાં આવ્યું હતું, જ્યાં આ ઉદ્ઘાટન સમારોહના બીજા તબક્કાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. નાણા મંત્રાલય હેઠળ કામ કરતા આર્થિક બાબતોના મંત્રાલયે રૂપિયા ૭૫નો વિશેષ સિક્કો લોન્ચ કરવા અંગે ગેઝેટ નોટિફિકેશન બહાર પાડ્યું છે. તે મુજબ સિક્કાનું વજન ૩૪.૬૫થી ૩૫.૩૫ ગ્રામની વચ્ચે છે. વડાપ્રધાન મોદીએ આજે લોન્ચ કરેલા ૭૫ના ખાસ સિક્કાની એક તરફ અશોકનું પ્રતીક કોતરેલું છે. તેની બીજી બાજુ દેવનાગરીમાં 'ભારત' અને એક બાજુ રોમનમાં 'India' લખેલું છે. તેના પર અશોકની પ્રતિમાની નીચે ૭૫ કોતરવામાં આવેલ છે. જ્યારે સિક્કાની બીજી બાજુ સંસદ ભવન સંકુલ કોતરવામાં આવ્યું છે. સાથે જ તસવીરની નીચે '૨૦૨૩' લખવામાં આવ્યું છે. આ સિક્કાની વિશેષતા એ છે કે તેમાં તેના વજનના ૫૦ ટકા જેટલી ચાંદીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યારે તેને ૪૦ ટકા કોપરથી મોલ્ડ કરવામાં આવ્યું છે. આ સિવાય તેમાં માત્ર ૫ ટકા જસત અને ૫ ટકા નિકલનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## પવિત્ર સેંગોલને લાકડી કહેવામાં આવી, ન થયું માન-સન્માન : મોદી

**(એજન્સી)નવી દિલ્હી,**
રસ્મી રાજદંડ સેંગોલને લઈને કેન્દ્ર સરકાર અને વિપક્ષમાં ઘમાસાણ ચાલી રહ્યું છે. આ વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવા સંસદ ભવનના ઉદ્ઘાટનના એક દિવસ પહેલાં પોતાના આવાસ પર અધીનમ (પુજારી) ને મળ્યા હતા. આ દરમિયાન પીએમ મોદીએ નામ લીધા વગર વિપક્ષ પર નિશાન સાધતા કહ્યુ- 'આપણા સ્વતંત્રતા સંગ્રામમાં તમિલનાડુની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. ભારતની આઝાદીમાં તમિલ લોકોના યોગદાનને તે મહત્વ ન આપવામાં આવ્યું જે આપવાની જરૂર હતી. હવે ભાજપે આ વિષયને પ્રમુખતા સાથે ઉઠાવવાનું શરૂ કર્યું છે.' તેમણે કહ્યું કે, તમિલ પરંપરામાં શાસન ચલાવનારને સેંગોલ આપવામાં આવતું હતું. સેંગોલ તે વાતનું પ્રતીક હતું કે તેને ધારણ કરનાર વ્યક્તિ પર દેશના કલ્યાણની જવાબદારી છે અને તે ક્યારેય કર્તવ્યના માર્ગથી વિચલિત થશે નહીં.

હકીકતમાં, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે બુધવારે (૨૪ મે) ના રોજ જાહેરાત કરી હતી કે બ્રિટિશ શાસન દ્વારા ભારતમાં સત્તાના હસ્તાંતરણના પ્રતીક તરીકે પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુને આપવામાં આવેલ ઐતિહાસિક 'સેંગોલ' નવી સંસદમાં સ્થાપિત કરવામાં આવશે. તેમના દાવાને કોંગ્રેસે ફગાવી દીધો હતો. જે બાદ વિવાદ શરૂ થયો હતો.

પીએમ મોદીએ અધિનમની મુલાકાતને સૌભાગ્યની વાત ગણાવી. તેમણે વધુમાં કહ્યું કે ૧૯૪૭માં એક ખાસ સેંગોલ તૈયાર કરવામાં આવ્યું હતું, તે સમયની તસવીરો આપણને યાદ અપાવે છે, આજે તે ગાઢ સંબંધોની ગાથા ઈતિહાસના પાનાની બહાર જીવંત થઈ ગઈ છે, આપણને એ પણ જાણવા મળે છે કે સત્તાના હસ્તાંતરણ પ્રતીકની સાથે શું થયું? તેમણે કહ્યું કે ૧૯૪૭માં સેંગોલ ગુલામી દૂર કરવાનું પ્રતીક બની ગયું હતું, આઝાદી પછી આ પૂજનીય સેંગોલને ભવ્ય મહત્વ આપવામાં આવ્યું હોત તો સારું થાત, તેને ચાલતી લાકડી તરીકે બનાવવામાં આવી હતી, તમારા સેવકે તેને પુનર્જીવિત કરવાનું કામ કર્યું છે, આજે તે છે. તેનું યોગ્ય સ્થાન મેળવી રહ્યું છે.

## પૂર્વ સાંસદ રાહુલ ગાંધીને 3 વર્ષ માટે નવો પાસપોર્ટ મળ્યો

**(એજન્સી)નવી દિલ્લી,**
કોંગ્રેસના નેતા અને વાયનાડના પૂર્વ સાંસદ રાહુલ ગાંધીને ૩ વર્ષ માટે નવો પાસપોર્ટ મળ્યો છે. વાસ્તવમાં, શુક્રવારે દિલ્હીની એક અદાલત દ્વારા નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું, જેના બે દિવસ પછી નવો પાસપોર્ટ ઈસ્યુ કરવામાં આવ્યો છે. હવે રાહુલ સોમવારે અમેરિકા જવા રવાના થશે. કોંગ્રેસના નેતાને ટૂંકા ગાળાનો પાસપોર્ટ આપવામાં આવ્યો છે, જ્યારે સામાન્ય પાસપોર્ટની અવધિ ૧૦ વર્ષની છે. બીજેપી નેતા સુબ્રમણ્યમ સ્વામીના વિરોધ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. અમેરિકાના પ્રવાસ પહેલા રાહુલ ગાંધીએ તેમનો રાજદ્વારી પાસપોર્ટ સરેન્ડર કર્યો હતો. આ પછી મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. કોર્ટે ચુકાદો આપ્યો કે તેને ત્રણ વર્ષના સમયગાળા માટે પાસપોર્ટ આપવામાં આવશે. જોકે, કોર્ટમાં સુબ્રમણ્યમ સ્વામીએ ૩ વર્ષ સુધી પાસપોર્ટ અરજીનો વિરોધ કર્યો હતો. સ્વામીનો ભાર એ વાત પર હતો કે રાહુલ ગાંધીને માત્ર એક વર્ષ માટે જ પાસપોર્ટ આપવામાં આવે. આ પછી તેને રિન્યુ કરવો જોઈએ.

## મેથ્સ, સાયન્સના ભારતીય શિક્ષકો માટે યુકેમાં સુવર્ણતક

### ૨૭ લાખ પગાર, ફ્રી વિઝાની ઓફર

**(એજન્સી)લંડન,**
બ્રિટનમાં ગણિત, વિજ્ઞાન અને લેંગ્વેજ ભણાવી શકે તેવા ક્વોલિટી શિક્ષકોની હાલમાં ભારે અછત પ્રવર્તે છે. આ સમસ્યાના ઉકેલ માટે યુકેએ ભારતીય શિક્ષકોને જોબ ઓફર કરવાની યોજના બનાવી છે જેના માટે વાર્ષિક ૨૭ લાખ રૂપિયા સુધીનો પગાર આપવા માટે યુકે તૈયાર છે. આ ઉપરાંત વિઝા, હેલ્થ સરચાર્જ અને રિલોકેશનનો ખર્ચ ઉઠાવવા પણ યુકે સરકારે તૈયારી દેખાડી છે.

લંડનના અખબાર ધ ટાઈમ્સના અહેવાલ પ્રમાણે ચાલુ વર્ષમાં ભારત અને નાઈજિરિયા સહિતના દેશોમાંથી ગણિત, વિજ્ઞાન અને જુદી જુદી ભાષાઓના નિષ્ણાત અનુભવી શિક્ષકોને યુકેમાં જોબ માટે ઓફર કરવામાં આવશે. હાલમાં યુકેમાં ભારતીય ટીચર્સની ઘણી માંગ છે. યુકે સરકારે ઈન્ટરનેશનલ રિલોકેશન પેમેન્ટ (આઈઆરપી) હેઠળ સેંકડો શિક્ષકોની ભરતી કરવાની યોજના બનાવી છે. તેમાં યુકે શિફ્ટ થવા માંગતા શિક્ષકોને રિલોકેશન માટે ૧૦ લાખ રૂપિયા પણ આપવામાં આવશે.

યુકેના નેશનલ એસોસિયેશન ઓફ હેડ ટીચર્સના જનરલ સેક્રેટરી પૌલ વ્હાઈટમેને જણાવ્યું કે આ કામચલાઉ ઉકેલ છે. માર્ચ મહિનામાં અમે એક વર્ષનો ટ્રાયલ શરૂ કર્યો હતો. તેમાં આખી દુનિયામાંથી ૪૦૦ જેટલા બેસ્ટ શિક્ષકોને યુકેની સ્કૂલમાં ભણાવવાની તક ઓફર કરવામાં આવી હતી. દરેક બાળકને સારામાં સારા શિક્ષક મળી રહે તે માટે અમે જુદા જુદા રસ્તા શોધી રહ્યા છીએ. આઈઆરપી એ ૨૦૨૩ અને ૨૦૨૪ માટે શરૂ કરાયેલો એક પાઈલટ પ્રોજેક્ટ છે. તેમાં યુકેની શાળાઓમાં શિક્ષક તરીકે કામ કરવા માંગતા વિદેશી શિક્ષકોને રિલોકેશનના ખર્ચ તરીકે ૧૦ લાખ રૂપિયા સુધી આપવામાં આવે છે. આ ઉપરાંત વિઝાનો ખર્ચ, ઈમિગ્રેશન હેલ્થ ઈન્શ્યોરન્સનો ખર્ચ પણ યુકે સરકાર જ ઉઠાવે છે. યુકેએ વિદેશી શિક્ષકો માટે એક રિક્રુટમેન્ટ અભિયાનની શરૂઆત કરી છે. જેમાં ગણિત, સાયન્સ અને લેંગ્વેજના શિક્ષકોને જોબ આપવામાં આવે છે.

## કુશ્તીબાજોની મંજૂરી વગર સંસદ ભવન સુધી માર્ચ કાઢવાનો પ્રયાસ

**(એજન્સી)નવી દિલ્લી,**
જંતર મંતર પર ડટેલા કુશ્તીબાજોએ મંજૂરી વગર સંસદ ભવન સુધી માર્ચ કાઢવાની કોશિશ કરી તો દિલ્હી પોલીસે તેમને અટકાયતમાં લઈ લીધા. આ પહેલવાનોમાં સાક્ષી મલિક, વિનેશ ફોગાટ, અને બજરંગ પુનિયા સહિત અનેક દિગ્ગજ પહેલવાનો સામેલ છે. સંસદ તરફ જવા માટે અડી ગયેલા કુશ્તીબાજોએ પોલીસ બેરિકેડ તોડી નાખી અને તેમની સાથે ધક્કામુક્કી કરી ત્યારબાદ તેમની અટકાયત થઈ. દિલ્હી પોલીસે બજરંગ પુનિયા અને સાક્ષી મલિક સહિત તમામ પ્રદર્શનકારી પહેલવાનોને તેમના સમર્થકો સહિત અટકાયતમાં લીધા છે તથા રવિવારે જંતર મંતર પર ધરણા સ્થળ પર લાગેલા તેમના ટેન્ટ પણ હટાવી દીધા છે. અધિકારીઓએ પહેલવાનોને કહ્યું કે દેશ વિરોધી કશું ન કરો. આ અગાઉ પ્રદર્શનકારી કુશ્તીબાજોએ પોતાના સમર્થકો સાથે પોલીસ બેરિકેડ્સ તોડીને નવા સંસદ ભવન તરફ માર્ચ કરવાની કોશિશ કરી. જો કે ભારે સંખ્યામાં તૈનાત પોલીસકર્મીઓએ તેમને રોક્યા.

## હવે પરિવાર સાથે કેનેડામાં ઝડપથી સેટલ થઈ શકાશે

**ઓટાવા,** કેનેડામાં ઘણા સમયથી જુદા જુદા સેક્ટરમાં કામ કરી શકે તેવા માણસોની અછત છે. તેના કારણે કેનેડાના પીઆર મેળવનારા લોકોને અમુક છુટછાટ આપવામાં આવી રહી છે જેથી તેઓ પોતાના પરિવારને પણ કેનેડા લાવી શકે. કેનેડાની નવી ઓપન વર્ક પરમિટ નીતિથી ભારતીયોને સૌથી વધારે ફાયદો થવાની શક્યતા છે. કેનેડાએ તાજેતરમાં કેટલાક પગલાં જાહેર કર્યા છે જેનાથી સ્પાઉઝલ (પતિ કે પત્ની) અને ફેમિલી ક્લાસ અરજકર્તાઓને ઝડપથી ઓપન વર્ક પરમિટ મળી શકશે.

## એશિયા કપ ૨૦૨૩ અંગે પાકિસ્તાને આપ્યું અલ્ટીમેટમ

**(એજન્સી)મુંબઇ,**
એશિયા કપ ૨૦૨૩ સપ્ટેમ્બર મહિનામાં પાકિસ્તાનની યજમાનીમાં રમાશે. પરંતુ એશિયા કપના આયોજન અંગે હજુ સુધી કંઈ સ્પષ્ટ થયું નથી. બીસીસીઆઈની સ્પેશિયલ જનરલ મીટિંગ યોજાઈ હતી. આ બેઠકમાં પણ એશિયા કપ ૨૦૨૩ને લઈને કોઈ નિર્ણય લઈ શકાયો નથી. દરમિયાન, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આ ટૂર્નામેન્ટને લઈને બીસીસીઆઈને અલ્ટીમેટમ આપ્યું છે.

પાકિસ્તાની મીડિયાને ટાંકીને એશિયા કપ ૨૦૨૩ને લઈને એક મોટી માહિતી સામે આવી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે એશિયા કપ ૨૦૨૩ માટે બીસીસીઆઈને અલ્ટીમેટમ આપ્યું છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે કહ્યું છે કે જો એશિયા કપ હાઈબ્રિડ મોડલ દ્વારા નહીં રમાય તો તે ટૂર્નામેન્ટનો બહિષ્કાર કરવા તૈયાર છે. આવી સ્થિતિમાં એશિયન ક્રિકેટ કાઉન્સિલના સભ્યો આઈપીએલ ફાઈનલ જોવા અમદાવાદ આવી રહ્યા છે. તેમની વચ્ચે એશિયા કપને લઈને ચર્ચા થઈ શકે છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ એ એશિયા કપ ૨૦૨૩ માટે હાઈબ્રિડ મોડલમાં બે વિકલ્પો રજૂ કર્યા છે. હાઈબ્રિડ મોડલના પ્રથમ વિકલ્પમાં, પાકિસ્તાન તમામ રમતોનું આયોજન કરશે જ્યારે ભારત તેની મેચો તટસ્થ સ્થળોએ રમશે. તે જ સમયે, બીજો વિકલ્પ એ છે કે ટુર્નામેન્ટને બે તબક્કામાં વહેંચવામાં આવી છે જેમાં પાકિસ્તાન પ્રથમ રાઉન્ડની રમતોનું આયોજન કરી રહ્યું છે જ્યારે ભારત બીજા તબક્કામાં તેની તમામ રમતો તટસ્થ સ્થળોએ રમે છે. ફાઈનલ પણ તટસ્થ સ્થળે યોજાશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બાંગ્લાદેશ અને શ્રીલંકા ક્રિકેટ બોર્ડ બીજા વિકલ્પ પર સહમત થયા છે.









# અમદાવાદમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ





## અનેક વિસ્તારોમાં કરા પડ્યા, માર્ગો ઉપર વરસાદી પાણી ફરી વળ્યાં

**અમદાવાદ,**
રાજ્યમાં ભરઉનાળે વરસાદી માહોલ જામ્યો હતો. બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. કાળા ડિબાંગ વાદળો ઘેરાયા હતા. તોફાની પવન અને વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. અમદાવાદ, ભાવનગર, મહેસાણા, પાટણ સહિતના જિલ્લામાં બપોર બાદ વરસાદી માહોલ જામ્યો હતો. અમદાવાદમાં ધોધમાર વરસાદ સાથે કરા પડ્યા હતા. એક તરફ અમદાવાદના અનેક મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. શહેરના વસ્ત્રાપુર, શિવરંજની, સેટેલાઈટ, જોધપુર, બોડકદેવ, સરખેજ, મહલાદ નગર, રતનપોળ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. ભારે ઉકળાટ અને ગરમી બાદ ધોધમાર વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. હવામાન વિભાગની આગાહીને પગલે અમદાવાદ શહેરના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. તોફાની પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. વરસાદ વરસતા ચારે તરફ પાણી ફરી વળ્યા હતો. તોફાની પવન અને ગાજવીજ સાથે વરસાદને પગલે ચારે તરફ ઠંડક પ્રસરી હતો. અસહ્ય ઉકળાટ બાદ વરસાદનું આગમન થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસી રહ્યો હતો. બપોર બાદ વાદળછાયુ વાતાવરણ છવાયુ હતો.

અમદાવાદ શહેરમાં સાંજના સમયે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો આકાશમાં વાદળો છવાયાં હતા.દરમિયાન અચાનક વિજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. શહેરના એલિસબ્રિજ, નારણપુરા, એસ.જી.હાઈવે, ઘાટલોડિયા, ચાંદલોડિયા, સેટેલાઈટ, બોપલ, બાપુનગર, નરોડા સહિતના વિસ્તારમાં ધોધમાર વરસાદને પગલે માર્ગો ઉપર વરસાદી પાણી ફરી વળ્યાં હતા. આ ઉપરાંત કેટલાક સ્થળો ઉપર ભારે પવનને કારણે ઝાડ પણ પડી ગયાનું જાણવા મળ્યું છે. અમદાવાદ શહેરમાં ભારે વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતા. શહેરમાં વરસાદની સાથે કરા પણ પડ્યાં હતા.

## ગુજરાત ન્યુઝ અપડેટ્સ

### પત્નીના આડાસંબંધ હોવાની શંકામાં પતિ બન્યો હત્યારો

**(એજન્સી)સુરત,**
આડા સંબંધ ની દાઝ ક્યારેક મોતની ઘટનાને અંજામ આપતી હોય છે. આવી જ ઘટના સુરતમાં બની છે જેમાં સુરતના લસકાણા વિસ્તારમાં ફરી એકવાર હત્યાનો બનાવ સામે આવ્યો છે. પત્નીના આડા સંબંધના વહેમમાં પતિ જ હત્યારો બન્યો હોવાની ઘટના સામે આવી છે. અને પોતાની જ પત્નીનું ઢીમ ઢાળી દીધું છે. લસકાણા વિસ્તારમાં રહેતા પતિ પત્ની વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. જોકે મહત્વની છે કે ઘર સંસારમાં નાના મોટા ઝગડા સામાન્ય માનવમાં આવે છે. પરંતુ સુરતની આ ઘટના હચમચાવી નાખે તેવી છે. પતિને પત્નીના ચારિત્ર્ય પર શંકા હતી. જેને લઈ અવારનવાર ઝઘડા થતાં હતા. ત્યારે આડા સંબંધના વહેમમાં ઉશ્કેરાયેલા પતિએ પત્નીની હત્યાને અંજામ આપ્યો છે.

### ડીસામાં યુદ્ધે ચડેલા આખલાઓએ રાહદારીને અડફેટે લેતા ઈજા

**પાલનપુર,**
ડીસામાં રાતે રખડતા આખલાઓએ આતંક મચાવ્યો હતો. અલગ અલગ જગ્યાએ આખલાઓ યુદ્ધે ચડતા એક રાહદારીને અડફેટે લેતા ગંભીર ઈજા પહોંચી હતી. જ્યારે એક ગાડી અને એકટીવાને પણ અડફેટે લેતા મોટુ નુકસાન થયું હતું. ડીસા શહેરમાં પણ ગત મોડી રાત્રે રૂરલ પોલીસ મથક, હરિઓમ સ્કૂલ અને પશુ બજાર આગળ આખલાઓ યુદ્ધે ચડતા રીતસર આતંક મચાવ્યો હતો અને એક રાહદારીને અડફેટે લેતા ગંભીર ઈજા પહોંચાડી હતી. ઘટનાને પગલે ઈજાગ્રસ્ત રાહદારીને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડાયો હતો.

### વડોદરામાં ધોળા દિવસે ચોરોનો તરખાટ: કારમાં ચોરી કરવા નીકળ્યા

**વડોદરા,**
શહેરના મકરપુરા જી.આઈ.ડી.સી. માં ચોરીના બનાવ દિવસે દિવસે વધતા જાય છે. એવામાં રવિવારના દિવસે મહેતા રેસ પ્રોડકશનમાં બપોરના સમયે ચોરોની ટોળકી દ્વારા કારનો ઉપયોગ કરી લોખંડની પાઈપો ચોરી કરતા નજરે પડ્યા હતા. સીસીટીવીમાં જોઈ શકાય છે કે બે ચોરો કંપનીની દીવાલ ઓળંગીને લોખંડની પાઈપો ઊંચકીને કારમાં મૂકી ફરાર થઈ ગયા હતા. બન્ને ચોર આ ચોરીને અંજામ આપતા સીસીટીવીમાં ઝડપાઈ ગયા. ધોળે દિવસે ચોરો ખુલ્લેઆમ ફરી રહ્યા છે. કોઈપણ જાતના ડર વિના ચોરો ખુલ્લેઆમ ચોરી કરી રહ્યા છે.

### બીલપાડમાં મિત્રએ જ મિત્રને અડધીરાત્રે રહેંસી નાંખ્યો

**(એજન્સી)આણંદ,**
જર જમીન અને ઝોરૂ ત્રણેય કજીયાનાં છોરૂ, આ કહેવતને યથાર્થ ઠેરવતી ઘટના આણંદ જિલ્લાનાં આંકલાવ તાલુકાનાં બિલપાડ ગામમાં બની છે, જેમાં પત્ની સાથે મિત્રનાં આડા સંબધનાં વ્હેમમાં મિત્રએ જ મિત્રનાં માથામાં અને શરીરે લાકડાનાં ડંડાઓ ફટકારી કરપીણ હત્યા કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. બિલપાડ ગામમાં ડાભીયા વગા સીમમાં રાત્રિના સમયે પત્ની સાથે આડા સંબંધ હોવાનો વહેમ રાખીને યુવકને લાકડાના ડંડા વડે ઉપરા છાપરી ફટકા મારી હત્યા કરી નાખવાનો બનાવ બનતા ચકચાર મચી જવા પામી છે. પત્ની સાથે આડા સંબંધ હોવાનો વહેમ રાખીને મિત્રએ મિત્રની હત્યા કરી નાંખી હોવાનું ખુલ્યું છે.

## ભરતીની પરીક્ષાઓ - ખાતાકીય પરીક્ષાઓના મહેનતાણા દરમાં વધારો

### ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો નિર્ણય

**(એજન્સી)ગાંધીનગર,**
ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં ભરતીની પરીક્ષાઓ લેતા ગૌણ સેવા પસંદગી મંડળ મહત્વનો નિર્ણય લેવાયો છે. જે મુજબ, મંડળ દ્વારા લેવાતી સીધી ભરતીની પરીક્ષાઓ અને ખાતાકીય પરીક્ષાઓના મહેનતાણાના દરમાં વધારો કરાયો છે.

સીધી ભરતી અને ખાતાકીય પરીક્ષામાં ગૌણ સેવા પસંદગી મંડળ સાથે જોડાયેલા પરીક્ષાની કામગીરી કરતા તમામના મહેનતાણાના દરમાં વધારો કરવામાં આવ્યો છે. હવેથી તેમને વધુ રૂપિયા ચૂકવવામાં આવશે.

મંડળ દ્વારા જાહેર કરાયેલા પરપિત્રમાં જણાવાયું કે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવતી વર્ગ-૩ની સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા ખાતાકીય પરીક્ષાબો નિમાતા સ્ટાફને ચૂકવવામાં આવતા મહેનતાણાના દર ઉપરોક્ત વંચાણે લીધેલ) અને (૨) સામેના આ વિગના તા.૧૦/૦૪/૨૦૧૫ અને તા.૨૦/૧૧/૨૦૧૮ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે. પરંતુ ત્યારબાદ ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના તા.૧૯/૦૧/૨૦૧૭ના અને તા.૨૩/૦૯/૨૦૧૫ના કચેરી હુકમ ક્રમાંક બન/૨૦૧૬/૪૦૭૮૦ થી આયોગ દ્વારા યોજાતી પરીક્ષાઓ માટે નિયુક્ત સાને ચૂકવવાના માનદવેતન મહેનતાણાના દર સુધારવામાં આવેલ હોવાથી ગુજરાત ગૌણ પસંદગી મંડળ દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીકઓ અને ખાતાકીય પરીક્ષાઓના સંચાલન માટે નિયુક્ત અધિકારીઓ/કર્મચારીઓના, પ્રાકિકો પરીક્ષકો તથા અન્ય પ્રાનુભાવોના પરીક્ષાલક્ષી અન્ય કામગીરી માટે તજજ્ઞો/અધિકારીઓ/કર્મચારીઓ માટેના મહેનતાણાના દર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નક્કી થયેલ દર મુજબ તેમજ કોમ્પ્યુટર પ્રોફિસિયન્સી ટેસ્ટના પ્રશ્નપત્રો તથા નેક મૂલ્યાંકનની કામગીરી માટેના મહેનતાણાના દર નવેસરથી નિયત કરવા અંગે ઉપરોક્ત વહે લીધેલ ક્રમ) સામેના ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના પત્રથી રજૂ કરવામાં આવેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

## પર્સનલ લોન અપાવવાના બહાને ૨૩૦ મહિલાઓ સાથે છેતરપિંડી

**(એજન્સી)વડોદરા,**
પર્સનલ લોન આપવાનો દાવો કરતી કંપની સામે ચેતજો. વડોદરામાં દંતેશ્વરની ૨૩૦ મહિલાઓ સાથે પર્સનલ લોન અપાવવાના બહાને છેતરપિંડી થઈ છે. ઘટનાની વાત કરીએ તો ઈન્ડિયા લેન્ડ્સ નામની કંપનીએ દંતેશ્વરની મહિલાઓને રૂપિયા ૧થી ૫ લાખ સુધીની પર્સનલ લોન આપવાનું કહીને છેતરપિંડી આચરી છે. કંપનીએ મહિલાઓને વિશ્વાસમાં લેવા કંપનીનો લોન એપ્રુવલ લેટર પણ આપ્યો હતો.

જોકે બાદમાં બેંકમાં પૈસા જમા ન થતા અરજદારોએ કંપની પર જઈને તપાસ કરતા છેતરપિંડીનો પર્દાફાશ થયો. વર્ષા સક્સેના અને અંકિત રાણા નામના શખ્સે છેતરપિંડી કરી હોવાનો અરજદારોનો આક્ષેપ છે. હાલ તો સમગ્ર મામલે મકરપુરા પોલીસે વર્ષા સક્સેના વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ તરફ વડોદરા વ્યાજખોર સામે પોલીસે સપાટો બોલાવ્યો છે. ૧૦ ટકાના ઉંચા વ્યાજે નાણા આપનાર વ્યાજખોર ઝડપાયો છે. આરોપી સામે વારસિયા પોલીસમાં બે ફરિયાદ નોંધાઈ છે.

## બ્રેઇનડેડ યુવકના અંગદાનથી ત્રણ લોકોને નવજીવન મળ્યું

**(એજન્સી)અમદાવાદ,**
અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૧૨મુ અંગદાન થયું છે. રાજકોટના ૩૦ વર્ષીય મુકેશભાઈ રાણા પરિવાર સાથે બાઈક પર મુસાફરી કરી રહ્યા હતા. આ દરમિયાન તેમને માર્ગ અકસ્માત નડ્યો હતો. જેમાં પત્ની અને પુત્રને પણ ઈજાઓ પહોંચી હતી. મુકેશભાઈના માથાના ભાગમાં ગંભીર ઈજા હોવાથી રાજકોટથી સઘન સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. અહીં તબીબોના અથાગ પ્રયત્ન અને સઘન સારવારના અંતે ૨૭ મેના રોજ તેઓને બ્રેઈનડેડ જાહેર કરાયા.

જાહેર થયા ત્યારે તેમના પત્ની રાજકોટની હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા હતા. ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડોક્ટર તીર્થ અને અંગદાનની સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલા દિલીપ દેશમુખ (દાદા) એ અમદાવાદથી રાજકોટ પ્રવાસ ખેડી તેમના પરિવારજનો સમક્ષ પહોંચ્યા હતા. મુકેશભાઈના બ્રેઈનડેડ થયાનો સમગ્ર ચિતાર રજુ કરીને તેઓને અંગદાન અંગેની સમજ આપી હતી. જેનાથી પ્રેરણા લઈ રાણા પરિવારે એક જૂથ થઈને મુકેશભાઈના તમામ અંગોનુ દાન કરવાનો નિર્ણય કરાયો હતો. અંગોના રીટ્રાઈવલની સમગ્ર પ્રક્રિયાના અંતે બે કિડની અને એક લીવરનુ દાન મેળવવામાં સફળતા મળી છે. સિવિલ સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું કે, સમગ્ર રાજ્યમાં પ્રવર્તેલી અંગદાનની જનજાગૃતિના પરિણામે આજે રાજ્યમાં અંગદાનની સેવાકીય પ્રવૃતિ વેગવંતી બની છે. અંગદાનની સેવાકીય પ્રવૃત્તિમાં સહાયક તરીકે અમારી પડખે ઉભેલા દિલીપભાઈ દેશમુખ (દાદા)નો અંગદાનના સેવાકીય કાર્યની સુવાસ રાજ્યભરમાં પહોંચાડવામાં મહત્વનો ફાળો રહેલો છે.

## ભેળસેળીયા તત્વો વિરુદ્ધ કાયદાને મજબૂત બનાવો ધારાસભ્ય કુમાર કાનાણીનો સીએમને પત્ર

**(એજન્સી)સુરત,**
ગુજરાતમાં ભેળસેળીયા તત્વો વિરૂદ્ધ કડક કાર્યવાહી માટે કાયદાને વધુ મજબૂત બનાવવામાં આવે. સુરત ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ મુખ્યપ્રધાનને આ માગ સાથે રજૂઆત કરતો પત્ર લખ્યો છે.

તાજેતરમાં જ સુરત આરોગ્ય વિભાગે ખાદ્ય સામગ્રીના નમૂના લેબ તપાસ માટે મોકલ્યા હતા.આ નમૂના ફેઈલ જતાં હવે ધારાસભ્ય એક્શનમાં આવ્યા છે.

ધારાસભ્ય કુમાર કાનાણીએ ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને કાયદાને વધુ મજબૂત કરવાની માગ કરી છે.ધારાસભ્યનો દાવો છે કે હાલનો કાયદો નબળો છે.જેના કારણે ભેળસેળીયા તત્વોને મોકળુ મેદાન મળી રહ્યું છે.મહત્વપૂર્ણ છે કે પનીર, આઈસક્રિમ, ગોળાનો રંગ અને પીઝાના નમૂનાનો રિપોર્ટ ફેઈલ થયો હતો.

ઉલ્લેખનીય છે કે કુમાર કાનાણી અગાઉ અનેકવાર લેટર બોમ્બ દ્વારા પ્રજાલક્ષી મુદ્દાઓ ઉઠાવી ચૂક્યા છે.કુમાર કાનાણીના લેટર બોમ્બ પર નજર કરીએ તો સુરત મનપાના અધિકારીઓની કામગીરી સામે કાનાણી સવાલો ઉઠાવી ચૂક્યા છે,તો કતારગામ સહિતના વિસ્તારમાં સ્લીપિંગ બસ ચાલુ કરવા ઝસ્ને પત્ર લખ્યો હતો.

ભારે વાહનોના કારણે પડતી મુશ્કેલી અંગે ટ્રાફિક ઢઝૅને પત્ર લખ્યો હતો. ખાડીની સમસ્યાને લઈને કુમાર કાનાણીએ આંદોલનની ચીમકી આપી હતી. અધિકારીઓની નિષ્ક્રિયતા સામે સોશિયલ મીડિયામાં અનેકવાર રોષ ઠાલવતા રહ્યા છે.વિદેશ ભણવા જતા વિદ્યાર્થીઓને સમયસર લોન અપવા ઝસ્ને પત્ર લખ્યો હતો . તો ટ્રાફિક પોલીસ બેફામ દંડ લેતી હોવાના આરોપ સાથે ગૃહપ્રધાન હર્ષ સંઘવીને પત્ર લખ્યો હતો,,,જ્યારે વરાછામાં દબાણ હટાવવાની કામગીરી અટકાવવા પણ ધારાસભ્ય દોડી ગયા હતા.

## બિલ્ડીંગના બેઝમેન્ટમાં પાર્ક કરેલી કારમાંથી દારૂ ઝડપાયો

**(એજન્સી)અમદાવાદ,**
રાજ્યમાં દારૂબંધીને લઈ અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. જોકે સૌથી મોટો પ્રશ્ન એ છે કે રાજ્યમાં દારૂબંધી છે ? તેનો અમલ થાય છે ખરૂ આ સવાલો ચોક્કસ આશ્ચર્ય પમાડે તેવા છે, પરંતુ આ એક નરી વાસ્તવિકતા પણ છે. અમદાવાદમાં આવી ઘટના સામે આવી છે.

ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે રાણીપના આર્વેદ ટ્રાન્સક્યુબ પ્લાઝાના બેઝમેન્ટમાં તપાસ કરી હતી. તપાસ દરમિયાન પાર્ક કરેલી કારમાંથી એક, બે નહીં ૬૦થી વધુ પેટી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. એટલે કે કુલ ૯૭ હજારની કિંમતની ૭૭૧ દારૂની બોટલો મળી આવી હતી. આ તમામ જથ્થો ક્રાઈમ બ્રાંચે જપ્ત કર્યો હતો. પોલીસે અંકિત પરમાર તથા કેસરીસિંહ રાજપૂત નામના ઈસમોની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે આરોપી અંકિત રીઢો ગુનેગાર છે. અને તેની સામે ૧૦થી વધુ ગુનો નોંધાઈ ચૂક્યા છે.પાર્કિંગમાંથી દારૂ મળવાની આ કોઈ પ્રથમ ઘટના નથી પરંતુ અગાઉ અમદાવાદ કોર્પોરેશન સંચાલિત નવરંગપુરા વિસ્તારમાં આવેલા મલ્ટિલેવલ પાર્કિંગમાંથી મોટાપાયે દારૂનો જથ્થો ઝડપાયો હતો. તે સમયે ક્રાઈમ બ્રાન્ચના દરોડામાં ૯૧૮ દારૂની બોટલ અને ૯૬ બીયરના ટીન મળીને ૧.૩૩ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આમ માત્ર ૧૦ જ દિવસના સમયગાળામાં પાર્કિંગમાંથી દારૂનો જથ્થો મળી આવવાની બે ઘટનાએ પોલીસની કામગીરી પર સવાલો સર્જ્યા છે.

## પરિણીત પ્રેમીએ છૂટકારો મેળવવા પ્રેમિકાની કરી હત્યા

**(એજન્સી)અમદાવાદ,**
અમદાવાદની પાલડી પોલીસે એક ૨૨ વર્ષીય યુવતીની તેના પ્રેમી દ્વારા રચવામાં આવેલી ભયાનક હત્યાનો પર્દાફાશ કર્યો છે. પાલડી પોલીસે આ હત્યાના કેસમાં આઠ જેટલાં આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓમાં એક આરોપીની ૪૬ વર્ષીય માતાનો પણ સમાવેશ થાય છે. આરોપીઓએ યુવતીને માત્ર સળગાવીને મારી નાખી નહોતી, પરંતુ તેના પરિવાર કે પોલીસ તરફથી તેઓ શંકામાં ન ઘેરાય એની ખાતરી કરવા માટે તમામ સંભવિત પ્રયાસો પણ કર્યા હતા. ત્યારે પોલીસે આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરી છે. પીડિતા ધારા કડીવરને ગયા વર્ષે ૧૯ જૂનના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પાસે નોલી ગામમાં તેના પ્રેમી સુરજ સોલંકી, તેના નાના ભાઈ યુવરાજ અને તેના કાકા મુકેશ દ્વારા ખેતરમાં સળગાવી દેવામાં આવી હતી. આ ગુનામાં સુરજને અમદાવાદમાં ફૂડ સ્ટોલ ચલાવતા મિત્ર મિત શાહ, તેના ભાઈ જુગલ અને તેની માતા મોનાએ મદદ કરી હતી. મહત્વનું છે કે, આરોપી સુરજ વિદ્યાર્થીઓની હોસ્ટેલ ચલાવે છે અને ધારા સાથેના સંબંધમાં ખટાશ ઉભી થતા તેણે તેને રસ્તામાંથી હટાવી દેવાનો નિર્ણય લીધો હતો. તેણીએ તેને છોડી દેવાના બદલામાં રુપિયા ૩૦ લાખની ઓફર સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. ધારા અને સુરજ ૨૦૨૧માં સોશિયલ મીડિયા પર મળ્યા હતા અને પછી પ્રેમમાં પડ્યા હતા. એ સમયે ધારા નહોતી જાણતી કે સુરજ પરિણીત છે અને તેને બે બાળકો પણ છે.

એ પછી તેઓ જૂનાગઢમાં લિવ ઈન રિલેશનમાં રહેવા લાગ્યા હતા. ધારાને મોંઘા દાગીના, કપડાં અને ગેજેટ્સનો શોખ હતો અને તે ઘણીવાર સુરજ પાસે રુપિયા માગતી હતી. જ્યારે સુરજે રુપિયા આપવાનો ઈનકાર કર્યો તો ધારા તેને સખત પગલાં લેવાની ધમકી આપતી હતી. એક વાર તો ધારાએ તેનું કાંડુ પણ કાપી નાખ્યું હતું. સુરજ તેના વર્તનથી કંટાળી ગયો હતો, એવું ઝોન ૭ના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ ભગીરથ સિંહ જાડેજાએ જણાવ્યું હતું. ફેબ્રુઆરી, ૨૦૨૨માં ધારાને જાણવા મળ્યું કે, સુરજ પરિણીત છે. એ પછી ધારાએ સુરજ અને તેના મિત્ર મિત જોશી વિરુદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. જો કે, કેટલાંક દિવસો બાદ તેણે પોતાનો વિચાર બદલી નાખ્યો હતો અને ફરીથી બંને સાથે રહેવા લાગ્યા હતા.

### સુરેન્દ્રનગરમાં માર્ગ અકસ્માતમાં 3 વ્યક્તિના મોત

**સુરેન્દ્રનગર,**
સુરેન્દ્રનગર જિલ્લાના પાટલી તાલુકાના બજાણા નજીક અકસ્માતની હૈયુ હચમચાવી નાખતી ઘટના સામે આવી હતી. જેમાં રિક્ષા અને સ્વીફ્ટ કાર વચ્ચે ધડાકાભેર અકસ્માત થયો હતો. આ દરમિયાન પીપળીના આધેડ દંપતી સહિત ત્રણ લોકોના કમકમાટીભર્યા મોત નીપજતા અરેરાટી મચી જવા પામી હતી. મહત્વનું છે કે બે લોકોના ઘટનાસ્થળે મોત નિપજયા હતા. જ્યારે આધેડ મહિલાને ગંભીર ઈજા થતાં તેને લોહી લુહાણ હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ દરમિયાન સારવાર મળે તે પહેલાં જ તેને માર્ગમાં કાળ આંબી જતા પરિવારજનોમાં કાળો કલ્પાત ફેલાયો છે.

### આઈએએસ લાંગા સામેના ભ્રષ્ટાચારના કેસની સીટ તપાસ કરશે

**(એજન્સી)ગાંધીનગર,**
પૂર્વ કલેક્ટર એસ.કે. લાંગા સામેના ભ્રષ્ટાચાર કેસની તપાસ માટે સીટની રચના કરાઈ છે. ગાંધીનગર એસપી તરૂણ દુગ્ગલના વડપણ હેઠળ ૬ સભ્યોની ટીમ બનાવાઈ છે. કેસની સંપૂર્ણ તપાસ હેડક્વાર્ટર ડીવાયએસપી અમી પટેલને સોંપાઈ છે. તથા ગાંધીનગર પોલીસના ૪ ઉચ્ચઅધિકારી પણ આ ટીમમાં સભ્ય તરીકે કાર્યરત રહેશે. ગાંધીનગરના પૂર્વ કલેક્ટર સાથે અન્યની સંડોવણીની છે કે નહીં તે અંગે તપાસ કરાશે. મહત્વપૂર્ણ છે કે વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ગાંધીનગરના કલેક્ટર તરીકે એસ.કે. લાંગાએ પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી કરોડોનો ભ્રષ્ટાચાર આચર્યો હોવાની ફરિયાદ દાખલ થઈ છે. ગાંધીનગરના સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં નિવૃત્ત કલેકટર લાંગા ઉપરાંત તત્કાલીન ચીટનીસ અને આરએસી સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે. લાંગાએ તેની નિવૃત્તિ બાદ પણ બેક ડેટમાં નિર્ણયો લીધા. તેમના પર પેથાપુરની ૩૦૪૩૧ ચો.મી. સરકારી જગ્યા ખાનગી ઠેરવી હતી. લાંગાએ બાવળા પાસે ભાગીદારીમાં રાઈસ મિલ શરૂ કરી હોવાના દસ્તાવેજો પણ મળ્યા છે.લાંગાએ બોપલ-શેલામાં સ્કાઈ સિટીમાં બંગલો અને ૪ દુકાન તેમજ સાણંદમાં ફાર્મ હાઉસ ખરીદ્યું હોવાના પણ પુરાવાઓ મળ્યા છે.

## પૂર્વ સરપંચ અને તલાટી કમ મંત્રીના મોટા કૌભાંડનો પર્દાફાશ !

**(એજન્સી)અમદાવાદ,**
બનાસકાંઠા જિલ્લાની છાપી પોલીસે એક ભૂતપૂર્વ સરપંચ અને તલાટી કમ મંત્રી વિરુદ્ધ ફરિયાદ નોંધી છે. જેમણે કથિત રીતે મિલકત વેરાની રસીદો બનાવવી અને રૂ. ૧૯. ૫૫ લાખની ઉચાપત કરી હોવાનો એમાં ઉલ્લેખ કરાયો છે. વડગામના તાલુકા વિકાસ અધિકારી ભૌમિક ચૌધરીએ શુક્રવારે પૂર્વ સરપંચ મોફિક ચૌધરી અને તલાટી-કમ-મંત્રી વિજય ચૌધરી સામે ફરિયાદ નોંધાવી હતી. ચૌધરીએ તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે, સરકારને રફીક બદરા અને સંસાદ લોરિયા દ્વારા ખાતાઓમાં ખોટા વહિવટ થયા હોવાની ફરિયાદ મળી હતી અને આ બાબતે વિગતે તપાસ કરવાનો આદેશ આપ્યો હતો.

બંનેએ તેમની ફરિયાદમાં આરોપ મૂક્યા હતા કે વર્ષ ૨૦૧૮-૧૯ના હિસાબના જે પુસ્તકો છે એમાં મિલકત વેરાની રસીદોનો તો ઉલ્લેખ પણ કરાયો નથી. એટલું જ નહીં ઉપરાંત ૨૦૧૯-૨૦ની ચોપડીઓમાં જે હિસાબ કરાયો છે તેની સાથે પણ રકમ મેળ ખાતી નહોતી. આ બંને રસીદો અને ચોપડીઓ કબજે કર્યા પછી તેમાં લગભગ ૧૯.૫૫ લાખ રૂપિયાનો તફાવત જોવા મળ્યો હતો.

ત્યારપછી તેમણે વિગતે તપાસ કરવાની પહેલ કરી હતી. આ દરમિયાન ઘણી રકમ છે જે ખાતા સાથે મેળ નહોતી ખાતી. એટલું જ નહીં રસીદોમાં જે રકમ લખવામાં આવી છે તેનું એકાઉન્ટ ટેલી જ નહોતું થઈ રહ્યું. જેના કારણે આઈપીએલ૪૦૬, ૪૦૯,૪૦૮, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૭ (એ), ૧૨૦ (બી) હેઠળ કેસ નોંધી તપાસ શરૂ કરી દેવામાં આવી છે. વેજલપુરના એક ઘરમાંથી ત્રણ યુવકોને ગેરકાયદેસર કોલ સેન્ટર ચલાવવા બદલ ધરપકડ કરી છે, જેઓ કથિત રીતે યુએસ નાગરિકોને સરળ લોન આપીને છેતરપિંડી કરતા હતા. ત્રણેયની ઓળખ ઉજાલા સર્કલ પાસેના આકાશ હોમ્સમાં રહેતા તીર્થ ભટ્ટ, વેજલપુરના ફિરોઝવિલાના રહેવાસી અમનખાન બાબી અને વેજલપુરના કેલાશ ટેનામેન્ટમાં રહેતા પાર્થ સોલંકી તરીકે થઈ છે.

## પ્રેમ લગ્નમાં બાધારૂપ બનતા સંબંધીઓને યુવતીએ ઘેનની દવા પીવડાવતા ચકચાર

**(એજન્સી)ભાવનગર,**
ભાવનગરમાં અજીબ કિસ્સો સામે આવ્યો છે. સંબંધોને શર્મસાર કરતા આ કિસ્સામા પ્રેમ લગ્નમાં બાધારૂપ બનતા સંબંધીઓને યુવતીએ ઘેનની દવા પીવડાવી દીતા ચકચાર મચી જવા પામી હતી. યુવતીએ સંબંધીઓને ઘેનની દવા પીવડાવી દેતા સબંધીઓને આડઅસર થવા પામી હતી. આ ઘટનાની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ભાવનગરના ડુંડાસ ગામે રહેતા પરિવારની યુવતીએ ૪ મહિના પહેલા પરિવારની મરજી વિરુદ્ધ પ્રેમલગ્ન કર્યા હતા. બાદમાં યુવતીએ પ્રેમલગ્ન કરતા પરિવાર યુવતીને મોસાળમાં મુકી આવ્યો હતો. આ વિચિત્ર કિસ્સામા પ્રેમલગ્ન કરવામાં પરિવાર અને સંબંધીઓએ આડખીલી બની વિઘ્ન નાખતા હોવાથી યુવતીએ મોસાળમાં મુકવાથી યુવતીએ સંબંધીઓને ઘેનની દવા પીવડાવી દીધી હતી.ઘેનની દવા પીવાથી ૭ સંબંધીઓને અસર થઈ હતી. જેમાં પણ ૭માંથી ૨ સંબંધીને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવાની નોબત આવી હતી. બાદમાં આ મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. જ્યા સ્થાનિક પોલીસે જાણ કરતા પોલીસ કર્મીઓ પણ ચોંકી ગયા હતા. જ્યા જાણવા જોગ અરજી લઈને તપાસ આગળ ધપાવી હતી.

**ઘેનની દવા પીવાથી ૭ સંબંધીઓને અસર થઈ હતી**





અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આઈપીએલની ફાઈનલ મેચ નિહાળવા માટે મોટી સંખ્યામાં દર્શકો ઉમટી પડ્યા હતા. જોકે, મોડી સાંજે અચાનક જ ધોધમાર વરસાદ પડતાં આઈપીએલની ફાઈનલમાં વિઘ્ન ઉભું થયું હતું. જેનાં પગલે ગ્રાઉન્ડની પીચ કવર કરી લેવામાં આવી હતી. બીજી તરફ, દર્શકો વરસાદમાં ભીંજાયા હતા. વરસાદનાં પગલે દર્શકો નિરાશ થઈ ગયા હતા.
(તસવીર:જયેશ મોદી)

વિઝીટનો કોઇ ચાર્જ નથી
વોટર પ્રુફીંગ સ્પેશિયાલિસ્ટ બ્રાઇટ મેજીક ઇટાલીયન માર્બલ પેસ્ટ
આપ ઘર-ઓફીસમાં કલર કરવા ઇચ્છો છો
● ધાબાનો અને ટાંકીનો લીકેજ કામખાતરી પૂર્વ કરી આપી છીએ.
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબુત કરવાનું કેમીકલ છે.
● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.
● માર્બલ પેસ્ટ કરવ્યા પછી ભેજ આવતો નથી.
● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫-૧૦ વર્ષ આસાનીથી ચાલે છે
૫ વર્ષની વોરંટી
એક જ ફોન કરો માણસ તમારા ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઇનમાં બનાવી આપીએ છીએ.
અમદાવાદ : ૯૩૭૭૯૯૮૭૧૭, ૯૭૨૪૫૦૨૧૫૬, ૯૮૭૯૫૦૬૦૬૮
website : www.brightmegaicitalian.com
પેમેન્ટ ચેકથી કરવું.
ડુપ્લીકેટ માર્બલ પેસ્ટથી સાવધાન